ચાણસ્મા તાલુકાના ધરમોડા નજીક કાર ચાલકે બાઈકને ટક્કર મારતા એકનું મોત, એક ઘાયલ

અમદાવાદ, ચાણસ્મા તાલુકાના ધરમોડા નજીક બુધવારે બપોરના સુમારે બાઈક અને કાર વચ્ચે સર્જાયેલ ગમખ્વાર અકસ્માતમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ અકસ્માતની મળતી હકીકત મુજબ હારીજ તરફથી બાઈક લઈને ચાણસ્મા તરફ આવી રહેલા બોરતવાડા ગામના ઠાકોર પ્રેમચંદજી માનસંગજીને ધરમોડા નજીક ચાણસ્મા તરફથી આવી રહેલ કારના ચાલકે જોરદાર ટક્કર મારતા બાઈક ચાલક ઠાકોર પ્રેમચંદજી માનસંગજી અને બાઈક પાછળ બેઠેલ ચાણસ્મા ની એક મહિલા ને રોડની સાઈડમાં પટકાતા બન્ને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં ૧૦૮ મોબાઈલ વાન મારફતે તાત્કાલિક સારવાર અર્થે ચાણસ્મા આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડાયા હતા. પરંતુ કમ નસીબ મહિલાનું સારવાર મળે તે પહેલા જ કરુણ મોત નીપજ્યું હતું. જ્યારે બાઈક ચાલક પ્રેમચંદજી ઠાકોરને પગના ભાગે અને પેટ અને અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ જણાતા ચાણસ્માના આરોગ્ય કેન્દ્રના તબિયત દ્વારા પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે ધારપુર મેડિકલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ માર્ગ અકસ્માતની ઘટનાની જાણ થતા મૃતક મહિલાના પરિવારજનો ચાણસ્મા આરોગ્ય કેન્દ્ર ખાતે દોડી આવ્યો હતો.

સુરત: લાખો રૂપિયાના ખર્ચે બનાવેલા ઈ વ્હીકલ ચાર્જીંગ સ્ટેશન નોધારા બન્યા

અમદાવાદ,

સુરત શહેરમાં પર્યાવરણની જાળવણી માટે સુરત પાલિકાએ ઈ વ્હીકલ પોલીસી બનાવી છે અને શહેરમાં પીપીપી ધોરણે ચાર્જ'ગ સ્ટેશન પણ શરુ કર્યા છે. પરંતુ આ ચાર્જિંગ સ્ટેશન ની જાળવણી યોગ્ય ન થતી હોવાથી તે રેઢિયાળ બન્યા છે. અઠવાગેટ વિસ્તારમાં પાલિકાએ બનાવેલા ચાર્જ'ગ સ્ટેશન પર છેલ્લા પાંચ દિવસથી એક વ્હીકલ પડ્યું છે તેથી અહી જાળવણી ન થતી હોવાની ફરિયાદ થઈ રહી છે. સુરત સહિત સમગ્ર દેશમાં પેટ્રોલ- ડીઝલ અને ગેસના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે તેની સાથે જ સુરત મ્યુનિ.એ ઈલેક્ટ્રી વાહન માટે પ્રોત્સાહક પોલિસી જાહેર કરી છે તેના કારણે સુરતમાં ઈ વ્હીકલ સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. સુરતમાં ઈ વ્હીકલ વધી રહ્યાં છે તેની સામે પાલિકાએ ઈ વ્હીકલ ચાર્જ'ગ સ્ટેશન બનાવવાનું શરૂ કર્યું છે. આ ઈ વ્હીકલ ચાર્જ'ગ સ્ટેશન માટે પાલિકાએ કોન્ટરાક્ટ આપ્યા છે પરંતુ તેની કામગીરી રેઢિયાળ હોવાની અનેક ફરિયાદ બહાર આવી રહી છે. સુરત પાલિકાના પાલનપોર બહાર બસ ડેપો બહાર એક ચાર્જિંગ સ્ટેશન છે તે મોટા ભાગે બિનવારસી હાલતમાં હોય છે અને ત્યાં કુતરાઓ બેસી રહે છે. આ ઉપરાંત છેલ્લા પાંચ દિવસથી અઠવાગેટ ચોપાટી નજીક પ્રાઈમ લોકેશન પર ચાર્જ'ગ સ્ટેશન બનાવવામાં આવ્યું છે. અહી વાહનો ચાર્જ'ગ માટે ભાગ્યે જ આવે છે પરંતુ આ જગ્યાએ છેલ્લા પાંચ દિવસથી ટ્રાફિક પોલીસની એક ગાડી (કેઈન) મુકી દેવામાં આવી છે.

રાજકોટ જિલ્લામાં સઘન વ્યવસ્થા વચ્ચે શાંતિપૂર્ણ માહોલમાં તલાટી કમ મંત્રીની પરીક્ષા યોજાઈ

અમદાવાદ, રાજકોટ જિલ્લામાં વહીવટી તંત્ર દ્વારા સઘન વ્યવસ્થા અને નક્કર પ્રયાસ સાથે ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા લેવાનાર ગ્રામ પંચાયત મંત્રી (તલાટી કમ મંત્રી)ની સ્પર્ધાત્મક પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ હતી. જેમાં ૫૭,૦૦૦ પૈકીમાંથી ૪૦,૬૧૭ પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી હતી અને ૧૬,૩૮૩ પરીક્ષાર્થી ગેરહાજર રહ્યા હતા.

જિલ્લા કલેક્ટરશ્રી પ્રભવ જોશી અને જિલ્લા વિકાસ અધિકારશ્રી દેવ ચૌધરી કડક બંદોબસ્તના નિરીક્ષણ અર્થે રીસિવિંગ અને ડીસ્પેચિંગ સેન્ટર સરોજિની નાયડુ ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે ઉપસ્થિત રહ્યા હતા. તેમજ જી.પી.એસ ટ્રેકિંગ સિસ્ટમ રૂમની મુલાકાત લઈ પરીક્ષા કેન્દ્ર ઉપર પ્રશ્નપત્ર પહોંચાડવાની કામગીરી સુચારુ રૂપે થઈ રહી છે કે નહી, તે સુનિશ્ચિત કર્યું હતું. ઉલ્લેખનીય છે કે, રિસિવિંગ અને ડીસ્પેચિંગ સેન્ટરેથી જ કોઈપણ પ્રકારની ગેરરીતિ આચરવાનો અવકાશ ન મળે તેવા કડક બંદોબસ્ત વચ્ચે સુપર વાઈઝર, વીડિયો ગ્રાફર, ફોટોગ્રાફર અને પોલીસ કર્મી સહિતની બનેલી ટીમ દ્વારા જીપીએસ ટ્રેકિંગ સિસ્ટમ સાથે ૯૭ જેટલા રૂટના ૧૯૭ કેન્દ્રો ઉપર પ્રશ્નપત્રો પહોંચાડવામાં આવ્યા હતા.

ICICI Home Finance | કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ, આઈસીઆઈસીઆઈ એચએફસી ટાવર, અંધેરી- કુર્લા રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ- ૪૦૦૦૫૯, ભારત

બ્રાન્ચ ઓફિસ : શોપ નં. ૧૦૬, ૧લો માળ, શ્રી રામ શિખર, ન્યુ સ્ટેશન રોડ, આણંદ- ૩૮૮૦૦૧.

(જુઓ નિયમ ૮(૬)ની જોગવાઈઓ)

સ્થાવર મિલકતની વેચાણ નોટીસ

સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના રૂલ ૮(૬) સાથે વંચાતા સિક્યોરિટાઈઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ- હરાજી વેચાણ નોટીસ [illegible]

ક્રમ નં.	કરજદાર, સહકરજદારો /જામીનદારો ના શીર્ષક હાયસે લોન એકાઉન્ટ નંબર અને નામ/	કઈ પણ જાણમાં હોય સાથે આરક્ષિત મિલકતનો વિગત	બાકાયા રકમ	આરક્ષિત કિંમત / અર્નેસ્ટ મની ડિપોઝિટ	મિલકતના નિરીક્ષણ ની તારીખ અને સમય	હરાજીની તારીખ અને સમય
(એ)	(બી)	(સી)	(ડી)	(ઈ)	(એફ)	(જી)
૧.	જિતેન્દ્રકુમાર આત્મારામ પંચાલ (કરજદાર) [illegible] NHDEE00000836404 અને NHMEH00001267009.	[illegible]	રૂ. ૩૮,૦૨,૫૪૯/- ૦૮ મે, ૨૦૨૩.	રૂ. [illegible] / રૂ. ૧,૬૫,૦૦૦/-	૨૯ મે, ૨૦૨૩ સવારે ૧૧.૦૦ વાગ્યે થી ૦૩.૦૦ વાગ્યે	૩૧ મે, ૨૦૨૩ બપોરે ૨.૦૦ વાગ્યે થી ૦૩.૦૦ વાગ્યે

આ ઓનલાઈન હરાજી વેબસાઈટ (URL Link - -https://BestAuctionDeal.com) પર [illegible]

[illegible] https://www.icicihfc.com/ [illegible]

તારીખ: ૧૩ મે, ૨૦૨૩
સ્થળ: ગુજરાત

અધિકૃત અધિકારી
આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ

જાહેર નોટીસ

ICICI Bank | શાખાનું સરનામું : આઈસીઆઈસીઆઈ બેંક લિ., ઓફિસ નં.૨૦૧-બી, બીજો માળ, રોડ નં.૧, પ્લોટ નં.બી૩, વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, થાણે, મહારાષ્ટ્ર -૪૦૦૬૦૪.

[illegible]

ક્રમ નં.	દેવાદારોનું નામ/ સહ દેવાદારોનું નામ/ જામીનદારોનું નામ/ લોનનો ખાતા નંબર અને સરનામું	જામીન મુકેલ મિલકતોનું સરનામું/ લાગુ પડતી મિલકત	નોટીસ મોકલ્યા તારીખ/ નોટીસની તારીખે બાકી લેણાં રકમ(રૂ)	એનપીએ તારીખ
૧	[illegible] 202005006114	[illegible]	એપ્રિલ ૧૭, ૨૦૨૩ રૂ. ૨૩,૨૬,૬૪૪.૦૦/-	૨૭/૦૨/ ૨૦૨૩
૨	[illegible] 137505024090	[illegible]	એપ્રિલ ૧૭, ૨૦૨૩ રૂ. ૧૯,૧૯,૦૭૩.૦૦/-	૨૯/૦૮/ ૨૦૨૨
૩	[illegible] 657505600834/ 655755015183	[illegible]	એપ્રિલ ૧૭, ૨૦૨૩ રૂ. ૪૨,૩૭,૬૪૪.૦૦/-	૧૮/૦૧/ ૨૦૨૩
૪	[illegible] 085355000019/431251 000002/ 431255000023	[illegible]	મે ૦૨, ૨૦૨૩ રૂ. ૫,૯૨,૮૧,૭૪૨/-	૦૮/૦૩/ ૨૦૨૩

[illegible]

તારીખ : મે ૧૨, ૨૦૨૩
સ્થળ : ગુજરાત

અધિકૃત અધિકારી
આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ

કોડીનાર કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વાંસોજ ખાતે ક્ષેત્ર દિવસની કરાઈ ઉજવણી

અમદાવાદ,

નેશનલ ફૂડ સિક્યુરીટી મિશન અંતર્ગત કલસ્ટર ફ્રન્ટ લાઈન ડેમોન્સ્ટ્રેશનના ભાગ રૂપે ઉનાળુ મગના પાકમાં ઉના તાલુકાના વાંસોજ ગામમાં ક્ષેત્ર દિવસ ઉજવણીનું આયોજન કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, તેમજ અબુંજા સિમેન્ટ ફાઉન્ડેશન, કોડીનાર દ્વારા કરવામાં આવેલ આવ્યુ હતુ.

જેમાં ૩૦ જેટલા ખેડૂતોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં કેવિકેના વડા શ્રી જીતેન્દ્રસિંહએ ખેતીમાં પાણીના કાર્યક્રમ ઉપયોગ વિશે માહિતી આપી હતી તેમજ પાક સંરક્ષણ નિષ્ણાંત શ્રી રમેશભાઈ રાઠોડે મગના પાકમાં સંકલિત રોગ જીવાત તેમજ નિયંત્રણ અને અખતરા સહિતની માહિતી ખેડૂતોને માર્ગદર્શિત કર્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન પાક સંરક્ષણ નિષ્ણાંત, શ્રી રમેશભાઈ રાઠોડ, કેવિકે કોડીનાર દ્વારા કરવામાં આવ્યું હતું.

તલાટી પરીક્ષા: આકરી ગરમીમાં ઉમેદવારોની સાથેના વાલીઓની દયાજનક હાલત, છાંયડો શોધવાની પણ મથામણ

અમદાવાદ,

વડોદરા શહેરમાં આજે આકરી ગરમી વચ્ચે લેવાયેલી તલાટીની પરીક્ષા આપવા હજારો ઉમેદવારો ઉમટ્યા હતા.

મોટાભાગના ઉમેદવારો બહારગામથી આવ્યા હતા અને તેમની સાથે તેમના વાલીઓ અથવા તો પરિવારના બીજા સભ્યો હતા. ઉમેદવારોની સાથે આવેલા આવા લોકોને આકરી ગરમીમાં ભારે હાલાકીનો સામનો કરવાનો વારો આવ્યો હતો.

પરીક્ષા કેન્દ્રો પર તંત્ર દ્વારા જે વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી તેમાં વિદ્યાર્થીઓની સાથે આવનારા વાલીઓનો વિચાર કરાયો નહોતો. બીજી તરફ આજે અચાનક જ તાપમાનનો પારો ઉપર ગયો હતો અને આ સ્થિતિમાં ઉમેદવારોની સાથે આવેલા વાલીઓને પરીક્ષા કેન્દ્રોની બહાર ભારે હાલાકી વેઠવી પડી હતી. વાલીઓએ તાપમાં છાંયડો શોધવા માટે દોડધામ કરી હતી. પરીક્ષા કેન્દ્રોની બહાર મંડપ કે તેમના માટે પાણીની વ્યવસ્થા પણ નહોતી. ઘણા કેન્દ્રો પર આસપાસના સેવાભાવી લોકોએ આવા વાલીઓને મદદ કરી હતી.

આકરી ગરમીમાં વાલીઓ દયાજનક સ્થિતિમાં જ્યાં સુધી પરીક્ષા ના પતે ત્યાં સુધી પોતાના સંતાનોની રાહ જોઈને પરીક્ષા કેન્દ્રોની બહાર બેઠેલા નજરે પડ્યા હતા.

ઉમેદવારોને પણ આકરી ગરમીમાં પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશ માટે લાઈનમાં ઉભા રહેવુ પડ્યુ હતુ અને પરીક્ષા કેન્દ્રમાં એન્ટ્રી મળ્યા બાદ જ તેમને પીવાના પાણીની સુવિધા મળી હતી.

અંકલેશ્વર રેલવે સ્ટેશન પર બિનવારસી ટ્રોલી બેગમાંથી રૂ.૩.૨૫ લાખનો ગાંજો મળ્યો

અમદાવાદ, ચેન્નાઈ તરફથી આવતી નવજીવન એક્સપ્રેસ ટ્રેન અંકલેશ્વર સ્ટેશને ઉભી હતી ત્યારે પોલીસને બાકડાં પર બે ટ્રોલી બેગ બિનવારસી મળી આવતા દોડધામ મચી ગઈ હતી. અંકલેશ્વર રેલવે સ્ટેશને જીઆરપી અને આરપીએફનો સ્ટાફ શુક્રવારે બપોરે ચેકીંગમાં હતો. પ્રોહીબિશન સહિતની ચાલતી ડ્રાઈવમાં બપોરે પ્લેટફોર્મ નંબર ૧ ઉપર ચેન્નઈ થી આવી અમદાવાદ તરફ જતી નવજીવન ટ્રેન આવી ને ઉભી હતી. ટ્રેન પસાર થયા બાદ ટોયલેટ નજીકના બાકડાં પર બે બિનવારસી ટ્રોલી બેગ નજરે પડતા રેલવે પોલીસ એલર્ટ થઈ ગઈ હતી. તમામ સ્ટાફને જાણ કરી બેગ ખોલતા અંદરથી ખાખી સેલોટેપ મારેલા ૮ સંદિગ્ધ પેકેટો મળી આવ્યા હતા.

ઘટના અંગે હજીન્ને જાણ કરતા પંચોની હાજરીમાં પેકેટ ખોલી તપાસ કરતા તેમાંથી ગાંજો મળી આવ્યો હતો. જેનું વજન કરાવતા ૩૩૨.૫૨૫ કિલો ગાંજાનો જથ્થો કિંમત રૂપિયા ૩.૨૫ લાખનો જમ કરવામાં આવ્યો હતો. એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ માદક પ્રદાર્થ ગાંજાનો જથ્થો કબ્જે લઈ રેલવે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. અંકલેશ્વર રેલવે સ્ટેશને જીઆરપી અને આરપીએફનો સ્ટાફ શુકવારે બપોરે ચેકીંગમાં હતો. પ્રોહીબિશન સહિતની ચાલતી ડ્રાઈવમાં બપોરે પ્લેટફોર્મ નંબર ૧ ઉપર ચેન્નઈ થી આવી અમદાવાદ તરફ જતી નવજીવન ટ્રેન આવી ને ઉભી હતી.

જિલ્લા રોજગાર વિનિમય કચેરીના નિવાસી તાલીમ વર્ગ થકી જિલ્લાના યુવાનો બન્યા ઈન્ડિયન આર્મી માટે તૈયાર

ખેડા જિલ્લાના ૪ યુવાનોએ ઈન્ડિયન આર્મીમાં અગ્નિવીર શ્રેણીમાં પસંદગી પામી જિલ્લાનું ગૌરવ વધાર્યુ

અમદાવાદ,

ખેડા જિલ્લાનાં સશક્ત અને ખડતલ યુવાનો લશ્કરી ભરતીમાં જોડાઈ રોજગારી મેળવે તે હેતુસર જિલ્લા રોજગાર વિનિમય કચેરી-ખેડા(નડિયાદ) દ્વારા નિવાસી તાલીમ વર્ગની વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી. જેમાં રહેવા-જમવાની વ્યવસ્થાની સાથે શારીરિક તેમજ લેખિત કસોટીની તૈયારી પણ કરાવવામાં આવી હતી. તા.૦૫/૦૯/૨૦૨૨ થી તા.૦૪/૧૦/૨૦૨૨ દરમ્યાન કુલ ૩૧ ઉમેદવારોને પૂર્વ સંરક્ષણદળના ૩૦ દિવસીય નિવાસી તાલીમ વર્ગ દ્વારા રહેવા, જમવા અને ભણવાની નિ:શુલ્ક સવલતો પુરી પાડવામાં આવી હતી. આ તાલીમ વર્ગનો લાભ લઈ ખેડા જિલ્લાનાં ૪ યુવાનોએ ઈન્ડિયન આર્મીમાં અગ્નિવીર શ્રેણીમાં પસંદગી પામી જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે. આ નિવાસી તાલીમ વર્ગમાં ઉમેદવારોને લેખિત કસોટી તેમજ શારીરિક કસોટીની તૈયારી કરાવવામાં આવેલ. જેમાં તાલીમબદ્ધ થયા બાદ તા.૦૪/૧૧/૨૦૨૨ના રોજ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ ખાતે યોજાયેલ આર્મી ભરતી રેલીમાં નિવાસી તાલીમ વર્ગના તમામ ઉમેદવારોએ ભાગ લીધેલ, જે પૈકી કુલ ૪ ઉમેદવારો ભરતી પ્રક્રિયાનાં તમામ તબક્કાઓ (શારીરિક,તબીબી અને લેખિત પરીક્ષા) સફળતાપૂર્વક ઉત્તીર્ણ કરી આખરી પસંદગી પામેલ છે. ત્યારબાદ ઈન્ડિયન આર્મી દ્વારા તા. ૧૫/૧૦/૨૦૨૨ ના રોજ લેવાયેલ લેખિત પરીક્ષા પાસ કરી હતી. અને અત્યારે અગ્નિવીર સોલ્જર જનરલ ડ્યુટી/ટેકનિકલ ટ્રેડની જગ્યા પર સંબંધિત આર્મી ટ્રેનિંગ સેન્ટર પર તાલીમમાં જોડાયેલ છે.

જેમાં કપડવંજના ઉમાના મુવાડા ગામના પરમાર અજયકુમાર નાસિક ખાતે અગ્નીવીર સોલ્જર જનરલ ડ્યુટી તરીકે, મહુધાનાં વડથલ ગામનાં તળપદા જયેન્દ્રકુમાર હાલ નાસિક ખાતે અગ્નીવીર ટેકનીકલ તરીકે, નડિયાદના મહોળેલ ગામનાં સોઢાપરમાર વિશાલકુમાર મહારાષ્ટ્ર ખાતે અગ્નીવીર સોલ્જર ડ્યુટી તરીકે અને મહેમદાવાદનાં માંકવા ગામનાં ઝાલા અક્ષયકુમાર હાલ ઓરંગાબાદ આર્મી ટ્રેનિંગ સેન્ટર ખાતે સોલ્જર જનરલ ડ્યુટી તરીકે તાલીમમાં જોડાયેલ છે. ઉલ્લેખનીય છે કે જિલ્લા રોજગાર વિનિમય કચેરી ખેડા નડિયાદ મોડલ કેરિયર સેન્ટર દ્વારા એપ્રિલ ૨૦૨૨ થી માર્ચ ૨૦૨૩ સુધીમાં અનુબંધમ પોર્ટલ ઉપર ૩૫૪૨ રોજગારવાચ્છુંઓના નામ

પોલીસ બની પરીક્ષાર્થીઓની મિત્ર : કચ્છથી આવેલ પરીક્ષાર્થી માટે પડધરી પોલીસ સ્ટાફે કરી રહેવા - જમવાની વ્યવસ્થા

અમદાવાદ, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા લેવાયેલ તલાટી કમ મંત્રીની પરીક્ષા સંદર્ભે રાજકોટ જિલ્લા વહીવટી તંત્રની કામગીરીએ માનવતા મહેકાવી હતી. પરીક્ષાર્થીઓને કોઈપણ પ્રકારની અગવડતાઓ ન પડે તે માટે રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઉમદા પ્રયાસો સાથે પોતાની ફરજ નિભાવી હતી. ત્યારે લોકરક્ષક પોલીસ વિભાગે સાચા અર્થમાં પરીક્ષાર્થીઓની મિત્ર બનીને તેમની પડખે ઊભી હતી. રાજકોટમાં કચ્છ જિલ્લાના રાપર ખાતેથી આવેલા પરીક્ષાર્થી ડાહ્યાભાઈ મંજીભાઈ ગારિયાએ જણાવ્યું હતું કે, ન્યારા પાટિયા પાસે આવેલ કોસ્મિક સ્કૂલમાં મારે પરીક્ષા આપવાની હતી. રાત્રિનો સમય ઉપરથી આજુબાજુમાં રહેવા માટે કોઈ હોટલ પણ જોવા મળી નહોતી. તેથી બસ સ્ટેશનમાં સુવાનો વિચાર કર્યો. પરંતુ બસ સ્ટેશન બાજુમાં જ ચેક પોસ્ટ હોવાથી ત્યાં સુરક્ષિત અનુભવ થશે એવો વિચાર કરીને ત્યાં ગયો.

સાંકેતિક કબ્જા નોટીસ

ICICI Bank | બ્રાન્ચ ઓફિસ: આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ.,ઓફિસનં ૨૦૧-બી, બીજે માળ,રોડનં ૧ પ્લોટ નં- બી ૩ વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટીયલએસ્ટેટ, થાણે, મહારાષ્ટ્ર-૪૦૦૬૦૪

આથી

સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ ઈનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ ઈન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ (દીવાન હાઉસિંગ ફાયનાન્સ લી. દ્વારા આઈસીઆઈસીઆઈના નિમાયેલા નીચે સહી કરનાર અધિકારીએ) સિક્યોરિટી ઓફ એન્ફોર્સમેન્ટ ના સંબંધમાં ડીએચએફએલ અને કરજદારો વચ્ચે લોન બાબતે થયેલા કરારના આધારે હાઉસિંગ લોન ની સગવડ મેળવી છે, તેઓ જે લોન મેળવી છે, તેની મુળ રકમ અને વ્યાજની ચુકવણીમાં તેઓ નિષ્ફળગયા છે , તેથી આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહી દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે.

કરજદારો નાણા ચુકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકારીએ અહી જણાવેલી મિલકતનો સાંકેતિક કબ્જો લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલકત ટાંચમાં હોય કરજદારો અને સામાન્ય જનતાએ કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

ક્રમ નં.	કરજદારોનું નામ / (લોન એકાઉન્ટ નંબર) (ડીએચએફએલ જુનો લેન અને આઈસીઆઈસીઆઈ નવો લેન)	મિલકતની વિગત / સાંકેતિક કબ્જાની તારીખ	ડિમાંડ નોટીસની તારીખ /ડિમાંડ નોટીસની રકમ (રૂ)	શાખાનું નામ
૧	વ્રજલાલ પુંજાભાઈ મુચ્છડીયા અને રમીલાબેન જાદાભાઈ મુચ્છડીયા-(જુનો લેન નં. ૨૭૭૦૦૦૦૦૫૦૭ અને નવો લેન નં.-QZGDM00005004016)	પ્લોટ નં.-૩૧૯, આર.એસ.નં-૧૬૪, એટ્ટ મેઘપર બોરિચી, તાલુકો: અંજાર, જિલ્લો- કચ્છ ગુજરાત, અંજાર- ૩૭૦૧૧૦/૦૮ મે, ૨૦૨૩	૧૯ એપ્રિલ, ૨૦૨૨ રૂ. ૭,૪૭,૫૧૨.૦૦/-	ગાંધીધામ

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો) અહી બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવે છે. નહીં તો કલમ ૮ અને ૯ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (ઈન્ફોર્સમેન્ટ) રૂલ, ૨૦૦૨ની જોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલકત આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

તારીખ : ૧૨ મે, ૨૦૨૩
સ્થળ : ગુજરાત

ઓથોરાઈઝડ ઓફિસર
આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ